# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી- 2015

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** — **Numerical Code B.A.: 0001**
**Numerical Code B.com.: 0002**
નોંધણી નંબરઃ ________________

**પાઠયક્રમ** : ગુજરાતી ગદ્ય **(EGT-01)** — **Numerical Code: 0037**
**તારીખ** : **28/02/2015**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજીયાત છે. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્ન-1** "મનુષ્ય પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ તો અડધુ જગત શાંત થઈ જાય" આ વિધાન ધૂમકેતુની 'પોસ્ટ ઓફિસ' વાર્તાના સંદર્ભે ચર્ચા કરો. **(12)**

**અથવા**

ગો. મા. ત્રિપાઠી કૃત "સરસ્વતીચંદ્ર ભાગ-2"માં ઉપસતું માનચતુર અને ધર્મલક્ષ્મીનું દાંપત્યચિત્ર વર્ણવો.

**પ્રશ્ન-2** ઉમાશંકર જોશી કૃત 'ઊડણ ચરકલડી' એકાંકીનું મૂલ્યાંકન કરો. **(12)**

**અથવા**

સ્વામી આનંદકૃત મોનજીરૂદર રેખાચિત્રમાં લેખકે આલેખાયેલા મોનજીના સ્વભાવનું શબ્દચિત્ર તમારા શબ્દોમાં રજૂ કરો.

**પ્રશ્ન-3** 'મુકુન્દરાય' વાર્તાનો આસ્વાદ કરાવો. **(12)**

**અથવા**

'ગોપાળબાપા' નવલકથા ખંડમાંથી સ્ફૂટ થતું ગોપાળબાપાનું વ્યકિતચિત્ર તમારા શબ્દોમાં આલેખો.

**પ્રશ્ન-4** 'ગંગોત્રી' છોડતા લેખકની ચિત્તવૃત્તિમાં શું મનોમંથન થયુ હતું? **(12)**

**અથવા**

બાધર અને નારણના મૃત્યુને તમે અકસ્માત ગણશો કે હત્યા? શા માટે?

**પ્રશ્ન-5 ટૂંકનોંધ લખો. (કોઈપણ બે)** **(12)**

1. 'સત્ય એ જ પરમેશ્વર' માં ગાંધીજીના સત્ય વિશેના વિચારો.
2. નર્મદના જીવનમાં આવેલા પલટાઓ
3. લીલાવતીને જોઈને રાઈના દિમાગમાં આવેલા વિચારો
4. યંત્રવાદને કારણે શેરીજીવન ઉપર પડેલી અસરો
5. કીર્તિદેવ અને મુંજાલ વચ્ચેનો વ્યકિત્વભેદ

**પ્રશ્ન-6 નીચેના પ્રશ્નોનો જવાબ માગ્યા પ્રમાણે આપો.** **(10)**
**નીચેના વાકયો કોણ બોલે છે તે લખો**

1. 'અમે તો કોઈ દિવસ ભાડુ ઠરાવતા જ નથી'
   A. મુકુન્દરાય B. રઘનાથ C. એકાવાળો D. મિ. ચોકસી
2. "આપણા બૈરા મનેખનું કામ આ? એ તો પીટયો ભીલ થઈને ઉભો'ર્યો પણ આપણાં થી".
   A. કોદરની સાસુ B. ફળીની ડોસી C. જનમ
3. નીચેના શબ્દનો અર્થ આપો. પરોણો.............
   A. પત્થર B. રસ્સી C. મહેમાન D. પાદર
4. ગુણસુંદરીની સુવાવડના સમયે માન ચતુરે ધર્મલક્ષીના દેવને ગોળીમાં નાખ્યા, કારણકે.......
   A. ઘરનાં સૌ સભ્યાએ એની ઉપેક્ષા કરી હતી B. ધર્મલક્ષીએ એનું અપમાન કર્યું હતું
   C. ધર્મલક્ષ્મીને પાઠ ભણાવવા માગતો હતો.
5. 'પેટ' નિબંધના લેખક કોણ છે?
   A. જયંતિ દલાલ B. ગાંધીજી C. જયોતિન્દ્ર દવે D. ઉમાશંકર જોશી
6. 'ગંગોત્રી' કયા સ્વરૂપમાં છે?
   A. ચરિત્ર B. નાટ્યખંડ C. એકાંકી D. પ્રવાસ વર્ણન
7. 'શ્લેષ' અલંકારના બે દૃષ્ટાંતો આપો.
8. કોઈપણ બે દ્વિરુકત શબ્દો લખો.
9. નીચેના શબ્દોમાંથી પ્રત્યય શોધીને પૂર્વ પ્રત્યત્ય કે પર પ્રત્યય બતાવો.
   A. અણગમો B. કુલીનતા
10. નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાકયમાં પ્રયોગ કરો.
    A. ખાડાની ધારે ચાલવું B. પારકા ભાણે લાડુ મોટા દેખાય

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી- 2015

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)**

**Numerical Code B.A.: 0001**
**Numerical Code B.com.: 0002**
નોંધણી નંબરઃ ________________

**પાઠ્યક્રમ** : ગુજરાતી પદ્ય **(EGT-02)** **Numerical Code: 0038**

**તારીખ** : **02/03/2015**

**સમય** : **11.00 to 02.00**

**સૂચના** : દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજીયાત છે. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્ન-1** ‘હાં રે કોઈ માધવ લ્યો’ કાવ્યની રસલક્ષી સમીક્ષા કરો. **(12)**

**અથવા**

કવિની દૃષ્ટિએ હરિને માર્ગે કોણ જઈ શકે? તે કવિએ કેવી રીતે સમજાવ્યું છે?

**પ્રશ્ન-2** ‘શયામ રંગ સમીપે ન જાવું’ માં પ્રગટ થતી ગોપીની કૃષ્ણપ્રીતિ વર્ણવો. **(12)**

**અથવા**

‘અતિજ્ઞાન’ કાવ્યમાં સહદેવનું મનોમંથન વર્ણવો.

**પ્રશ્ન-3** ‘આપની યાદી’ કાવ્યમાં કલાપીની સર્જકતાનો પરિચય કરાવો. **(12)**

**અથવા**

‘લાગ્યો કસુંબીનો રંગ’ ગીતનો આસ્વાદ કરાવો.

**પ્રશ્ન-4** ‘જૂનુ ઘર ખાલી કરતાં’ સૉનેટનું રસદર્શન કરાવો. **(12)**

**અથવા**

‘થોડો વગડાનો શ્વાસ’ કાવ્યનો ધ્વનિ સ્પષ્ટ કરો.

**પ્રશ્ન-5** **ટૂંકનોંધ લખો. (કોઈપણ બે)** **(12)**

1. પ્રેમાનંદે ‘પિતા–પુત્રી મિલન’માં આલેખેલ પ્રસંગ વર્ણવો.
2. ‘આઠમું દિલ્હી’ કાવ્યમાં કવિએ કરેલો કટાક્ષ વર્ણવો.
3. ‘એક જ દે ચિનગારી’ કાવ્યના શીર્ષકની યથાર્થતા
4. ‘વધામણી’ સોનેટનું રહસ્ય સ્પષ્ટ કરો.
5. ‘આંધળો’ કાવ્યમાં રજૂ થયેલી જાત અને જગત તરફની વિડંબના

**પ્રશ્ન-6** **સાચો વિકલ્પ પસંદ કરી પ્રશ્નનો જવાબ લખો.** **(10)**

1. ‘અખિલ બ્રહ્માંડમાં’ કોની રચના છે?
   A. પ્રેમાનંદ B. અખો C. નરસિંહ મહેતા
2. ‘અવસાન સંદેશ’ના કવિ કોણ છે?
   A. નર્મદ B. દયારામ C. ન્હાનાલાલ
3. ‘કસ્તુરી કેરી બિંદી કરું, નહીં, કાજળ ના આંખમાં આંજું’ પંકિત કયાં કાવ્યની છે?
   A. અખાના છપ્પા B. શ્યામ રંગ સમીપે ન જાવું C. અતિજ્ઞાન
4. ‘હોડી જાણે આરબ ઘોડી’ પંકિતમાં કયો અલંકાર છે?
   A. ઉપમા B. વ્યાજ સ્તુતિ C. ઉત્પ્રેક્ષા
5. ‘આપની યાદી’ કયા સ્વરૂપની કૃતિ છે?
   A. ગઝલ B. સૉનેટ C. ખંડકાવ્ય
6. ‘નવરાત્રી’ શબ્દમાં કયો સમાસ છે?
   A. દ્વિગુ B. બહુવ્રીહિ C. અવ્યયીભાવ
7. નીચેનામાંથી તદ્‌ભવ શબ્દ કયો છે તે જણાવો.
   A. કર્ણ B. હાથ C. ધર્મ
8. નીચેનામાંથી કયો શબ્દ પરપ્રત્યય ધરાવે છે?
   A. અધર્મ B. બિનજરૂરી C. પૈસાદાર
9. ‘આંધળો’ કાવ્યને એકોકિત કાવ્ય કહેવાયુ છે કારણકે.............
   A. તેમાં એક પાત્રની ઉકિત છે B. તેમાં બે પાત્રની ઉકિત છે C. તેમાં અનેક પાત્રોની ઉકિત છે
10. નીચેનામાંથી કવિ ઉશનસ્‌નું સૉનેટ કયું છે?
   A. ‘વળાવી બા આવી’ B. ‘થોડો વગડાનો શ્વાસ’ C. ‘વિદાય’

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી- 2015

| | | |
|---|---|---|
| **અભ્યાસક્રમ** | : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** | **Numerical Code B.A.: 0001**<br>**Numerical Code B.com.: 0002**<br>નોંધણી નંબરઃ ________________ |
| **પાઠ્યક્રમ** | : ગુજરાતી સાહિત્યની રૂપરેખા **(EGT-03)** | **Numerical Code: 0039** |
| **તારીખ** | : **28/02/2015** | |
| **સમય** | : **03.00 to 06.00** | |
| **સૂચના** | : દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજીયાત છે. | **કુલ ગુણ : 70** |

---

**પ્રશ્ન-1** મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશેષતા અને મર્યાદા જણાવો. **(12)**

**અથવા**

"નરસિંહનું કાવ્યસર્જન ઈયત્તા અને ગુણવત્તાની દ્દષ્ટિએ ખૂબ જ વિપુલ છે" ચર્ચો.

**પ્રશ્ન-2** સુધારક યુગ કરતાં પંડિતયુગ કઈ–કઈ બાબતોમાં જુદાં પડે છે. **(12)**

**અથવા**

ગાંધીયુગના પ્રમુખ લાક્ષણિકતાઓની ચર્ચા કરો.

**પ્રશ્ન-3** કવિ પ્રેમાનંદની આખ્યાનકાર તરીકેની શ્રેષ્ઠતા તેમના કયા પ્રતિભા અંશોને આભારી છે. **(12)**

**અથવા**

શામળની લૌકિક કથા મૂલક પદ્ય રચનાઓની ટૂકમાં આલોચના કરો.

**પ્રશ્ન-4** 'કૃષ્ણ કિર્તનાત્મક સાહિત્યમાં' દયારામની ગરબીઓ સૌથી આકર્ષક રહી છે–ચર્ચો. **(12)**

**અથવા**

મધ્યકાલિન ગુજરાતી સાહિત્યની ગદ્યકૃતિઓનો પરિચય કરાવો.

**પ્રશ્ન-5** **ટૂંકનોંધ લખો. (કોઈપણ બે)** **(12)**

1. નર્મદની 'મારી હક્કીત'માં તટસ્થતા
2. અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં પારસીઓનો ફાળો
3. સિતાંશુની કવિતાની મુખ્ય લાક્ષણિકતાઓ
4. પંડિતયુગના મુખ્ય વિવેચકો
5. વિવેચનક્ષેત્રે સુરેશ જોશીનું પ્રદાન

**પ્રશ્ન-6** **નીચેના પ્રશ્નોના જવાબ માગ્યા પ્રમાણે આપો.** **(10)**

1. નર્મદનો જન્મ કયાં અને કયારે થયો હતો.
   A. 1834–ભરૂચમાં B. 1833–સુરતમાં C. 1832–મુંબઈમાં D. 1831–વડોદરામાં
2. 'મિથ્યાભિમાન' નાટકના કેટલા અંકો અને પ્રવેશો છે?
   A. આઠ અંક પંદર પ્રવેશ B. નવ અંક ચૌદ પ્રવેશ C. આઠ અંક સોળ પ્રવેશ D. નવ અંક ચૌદ પ્રવેશ
3. 'કુસુમમાળા' કોનો કાવ્યસંગ્રહ છે?
   A. નરસિંહરાવ દિવેટિયા B. મણિશંકર ભટ્ટ C. બ. ક. ઠાકોર D. સુરસિંહ જી ગોહિલ
4. રાજેન્દ્ર શાહનો પ્રથમ કાવ્યસંગ્રહ કયો છે?
   A. શ્રુતિ B. મોરપીંછ C. ધ્વનિ D. આંદોલન
5. 'દર્શક' કોનું ઉપનામ છે?
   A. શિવકુમાર જોશી B. શ્રીકાંત વલ્લભદાસ શાહ C. સુભાષ રસિકલાલ શાહ D. મનુભાઈ પંચોલી
6. સુધારક યુગમાં સંસાર સુધારાના કાર્યમાં કયા સામાયિકે મદદ કરી હતી.
   A. ડાંડિયો B. મંડળી મળવાથી થતા લાભ C. કેળવણી D. ગુજરાતી
7. નીચે અર્વાચીન ગુજરાતી સાહિત્યના મુખ્ય યુગોનાં નામ 'વિભાગ–અ' અંતર્ગત આપ્યાં છે. 'વિભાગ–બ'માં તેના પર્યાયરૂપ નામો આપ્યો છે. (યોગ્ય જોડકાં જોડો)

| | વિભાગ–અ | | વિભાગ–બ |
|---|---|---|---|
| (1) | સુધારક યુગ | – | સંદરમ–ઉમાશંકર યુગ |
| (2) | પંડિત યુગ | – | રાજેન્દ્ર–નિરંજન યુગ |
| (3) | ગાંધી યુગ | – | દલપત–નર્મદ યુગ |
| (4) | અનુગાંધી યુગ | – | ગોવર્ધન યુગ |

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી- 2015

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)**

**Numerical Code B.A.: 0001**
**Numerical Code B.com.: 0002**
નોંધણી નંબરઃ ________________

**પાઠ્યક્રમ** : ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો **(EGT-04)** **Numerical Code: 0040**
**તારીખ** : **02/03/2015**
**સમય** : **03.00 to 06.00**
**સૂચના** : દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજીયાત છે. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્ન-1** આખ્યાનનું સ્વરૂપ સ્પષ્ટ કરી એની લાક્ષણિકતાઓ વર્ણવો. **(12)**

**અથવા**

'કુંવરબાઈનું મામેરું'માં પ્રેમાનંદની વસ્તુસંકલના વર્ણવો.

**પ્રશ્ન-2** સૉનેટ સ્વરૂપની વિગતે ચર્ચા કરો. **(12)**

**અથવા**

'જૂનું પિયેરઘર' સૉનેટનો આસ્વાદ કરાવો.

**પ્રશ્ન-3** 'છેલ્લું દર્શન' કાવ્યનો રસલક્ષી આસ્વાદ કરાવો. **(12)**

**અથવા**

'આદિમતાની એક અનુભૂતિ' કાવ્યમાં આલેખાયેલ પ્રકૃતિવર્ણનનો પરિચય કરાવો.

**પ્રશ્ન-4** ટૂંકીવાર્તાનો ઉદ્‌ભવ–સ્વરૂપ અંગે વિગતે ચર્ચો. **(12)**

**અથવા**

'લોહીનું ટીંપુ' વાર્તાની સમીક્ષાત્મક નોંધ લખો.

**પ્રશ્ન-5** **ટૂંકનોંધ લખો. (કોઈપણ બે)** **(12)**

1. શબૂનું પાત્રચિત્રણ
2. 'હતાં ત્યાં ને ત્યાં' શીર્ષકનું ઔચિત્ય
3. 'આધુનિક અરણ્ય' કાવ્યનો આસ્વાદ
4. 'જન્મોત્સવ' વાર્તાની ભાષાશૈલી
5. 'ગઈભલે' કાવ્યનો કેન્દ્રવર્તીભાવ

**પ્રશ્ન-6** **યોગ્ય વિકલ્પ શોધી નીચેની ખાલી જગ્યા પૂરો.** **(10)**

1. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના આદિકવિ __________ ગણાય છે.
   (પ્રેમાનંદ, નરસિંહ, અખો)
2. આખ્યાનનાં 'કડવાં' આરંભે આવતી પંક્તિઓને __________ કહે છે.
   (મુખબંધ, ઢાળ, ઉથલો–વલણ)
3. આપણે પ્રથમ આખ્યાનકાર તો ___________ જ છે.
   (પ્રેમાનંદ, ભાલણ, નાકર)
4. 'સુદામા ચરિત્ર' કૃતિના રચયિતા ___________ છે.
   (પ્રેમાનંદ, નાકર, ભાલણ)
5. આઠમા અને નવમા કડવામાં ભકત નરસિંહની શ્રદ્ધાની કસોટી કરતો _______ પ્રસંગ આલેખાયાં છે.
   (ચમત્કારિક, સામાજિક, ધાર્મિક)
6. 'કુસુમમાળા' કૃતિના રચયિતા _________ છે.
   (નરસિંહરાવ દિવેટિયાં, બ. ક. ઠાકોર, નાનાલાલ)
7. પેટ્રાર્કશાઈ સૉનેટમાં _______ અને ________ના બે ખણ્ડકો હોય છે.
   (આઠ અને છ, પાંચ અને નવ, ચાર , ચાર, ચાર અને બે)
8. 'સૌગંધ' વાર્તાના રચયિતા _________ છે.
   (સુન્દરમ, જયન્ત ખત્રી, સરોજ પાઠક)
9. બારમાં કડવામાં નરસિંહની મોસાળા માટે ________ની સ્તુતિ વર્ણવાઈ છે.
   (વિષ્ણુ, માધવ, શંકર)
10. જયન્તખત્રીનું જન્મસ્થળ _______ છે.
    (મુન્દ્રા(કચ્છ), જામનગર, ભાવનગર)

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી- 2015

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)**

**Numerical Code B.A.: 0001**
**Numerical Code B.com.: 0002**
નોંધણી નંબરઃ ________________

**પાઠયક્રમ** : ગુજરાતી ભાષા **(EGT-05)** **Numerical Code: 0041**
**તારીખ** : **03/03/2015**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજીયાત છે. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્ન-1** ભાષા એટલે શું તે જણાવી તેનું માનવવ્યવહારમાં સ્થાન સ્પષ્ટ કરો. **(12)**

**અથવા**

ભારતીય આર્યની પ્રાચીન ભૂમિકાની ભાષાગત લાક્ષણિકતાઓ વર્ણવો.

**પ્રશ્ન-2** ધ્વનિ ઘટકની લાક્ષણિકતાઓ વર્ણવો. **(12)**

**અથવા**

ઉપધ્વનિઘટક એટલે શું? તે વિગતે ચર્ચો.

**પ્રશ્ન-3** વાકયનો અર્થ સ્પષ્ટ કરી વાકયનાં લક્ષણો જણાવો. **(12)**

**અથવા**

ઉચ્ચારણ પ્રક્રિયામાં કાર્યશીલ વાક્–અવયવો વિશે નોંધ લખો.

**પ્રશ્ન-4** ગુજરાતી ભાષાના ઉદ્દભવ અને વિકાસનાં વિવિધ તબક્કાઓ જણાવો. **(12)**

**અથવા**

ગાંધીયુગના ગદ્ય સંદર્ભે ગાંધીજીનું ગદ્ય વર્ણવો.

**પ્રશ્ન-5 ટૂંકનોંધ લખો. (કોઈપણ બે)** **(12)**

1. ઉત્તર ગુજરાતની બોલી
2. સુરતી બોલી
3. પંડિત યુગનું ગદ્ય
4. આધુનિક યુગનું ગદ્ય
5. જાહેરખબરનું ગદ્ય

**પ્રશ્ન-6 યોગ્ય વિકલ્પ શોધી નીચેની ખાલીજગ્યા પૂરો.** **(10)**

1. ભારતીય આર્ય પરિવારની ભાષાઓનાં મૂળ ________ ભાષામાં છે.
   (ઈરાની, ઈટાલિક, ભારત–યુરોપીય)
2. ગુર્જરો લગભગ ________ સદી સુધીમાં ગુર્જર પ્રદેશની પ્રજા સાથે એકરૂપ થઈ ગયાં હતા.
   (બારમી, સાતમી, નવમી)
3. ઈ. સ. 1185માં શાલિભદ્રે _______ કૃતિ લખી હતી.
   (‘ભરતેશ્વર બાહુબલિરાસ’, ‘રેવંતગિરિરાસુ’, ‘જંબૂસા મિચરિય’)
4. ધ્વનિ નિર્માણ કરી શકતાં અવયવોને ________ કહેવાય છે.
   (નાદતંત્રી, વાત્રવયવો, શ્વાસનળી)
5. ભાષાનું સ્વરૂપ ________ હોય છે.
   (બંધિયાર, પરિવર્તનશીલ, સ્થગિત)
6. વાકયો, વાકયખંડો અને પદોને જોડવાનું કામ કરનાર પદો ________ સંજ્ઞાથી ઓળખાય છે.
   (અનુગ, સંયોજક, ક્રિયાપદ)
7. ‘સોરઠ તારા વહેતાં પાણી’ કૃતિના સર્જક __________ છે.
   (ચુનીલાલ મડિયા, પન્નાલાલ પટેલ, ઝવેરચંદ મેઘાણી)
8. આનર્ત દેશની રાજધાની ________ હતી.
   (અણહિલપુર પટ્ટણ, ભિલ્લમાણ, સૌરાષ્ટ્ર)
9. દક્ષિણ ગુજરાતની આબોહવા ________ છે.
   (વિષમ, ઉષ્ણ, સમશીતોષ્ણ)
10. અંગ્રેજો પહેલાં ________ એ સુરતમાં કોઠી નાખી હતી.
    (ફ્રેન્ચો, પોર્ટુગીઝો, વલંદા)

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી- 2015

| | | |
|---|---|---|
| **અભ્યાસક્રમ** | : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** | **Numerical Code B.A.: 0001**<br>**Numerical Code B.com.: 0002**<br>નોંધણી નંબર: ________________ |
| **પાઠયક્રમ** | : સાહિત્ય સિદ્ધાંત અને ભાષા વિનિયોગ **(EGT-06)** | **Numerical Code: 0042** |
| **તારીખ** | : **03/03/2015** | |
| **સમય** | : **03.00 to 06.00** | |
| **સૂચના** | : (1) દરેક પ્રશ્નની સામે ગુણ દર્શાવેલ છે.<br>(2) દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજીયાત છે. | **કુલ ગુણ : 70** |

---

**પ્રશ્ન-1** કલાની વિભાવના આપી લલિત અને લલિતેતર કલા વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો. **(12)**

**અથવા**

સાહિત્ય સર્જનમાં પ્રતિભા, વ્યુત્પત્તિ અને અભ્યાસનું મહત્વ દર્શાવો.

**પ્રશ્ન-2** શબ્દની અભિધા, લક્ષણા અને વ્યંજન શકિત વિશે નોંધ લખો. **(12)**

**અથવા**

કાવ્યમાં છંદ અને અલંકારનું શું સ્થાન છે તે સમજાવો.

**પ્રશ્ન-3** ભરતનું રસસૂત્ર દર્શાવી સ્થાયીભાવ, સંચારીભાવ અને વિભાવ, અનુભવ એટલે શું તે સ્પષ્ટ કરો. **(12)**

**અથવા**

ધ્વનિનું સ્વરૂપ સમજાવી ધ્વનિના ત્રણ પ્રકારો દર્શાવો.

**પ્રશ્ન-4** 'વિવેચન' સંજ્ઞા સમજાવી વિવેચકની લાયકાત અને કાર્યો વર્ણવો. **(12)**

**અથવા**

વિવેચન ઐતિહાસિક, તુલનાત્મક અને પ્રકારલક્ષી પદ્ધતિઓ વિશે નોંધ લખો.

**પ્રશ્ન-5 ટૂંકનોંધ લખો. (કોઈપણ બે)** **(12)**

1. લક્ષણાના મુખ્ય પ્રકારો
2. લોન્જાઈનસનો ઉદાત્તતત્ત્વ વિચાર
3. સૌરાષ્ટ્ર કો. ઓ. બેંકમાં કલાર્કની જગ્યા માટે ઉમેદવારી નોંધણીની અરજી કરો.
4. 'ગમતું મળે તો અલ્યા ગુંજે ન ભરીએ ને ગમતાંનો કરીએ ગુલાલ' – પંકિતનો વિચાર વિસ્તાર કરો.
5. તમે વાંચેલા કોઈપણ એક પુસ્તકનું અવલોકન લખો

**પ્રશ્ન-6 સાચો વિકલ્પ પસંદ કરી પ્રશ્નનો જવાબ લખો.** **(10)**

1. 'તાજમહેલ' કયા પ્રકારની કલા છે?
   A. સાહિત્ય B. શિલ્પ C. સ્થાપત્ય
2. નીચેનામાંથી કઈ કલા 'કાનની કળા' છે?
   A. ચિત્ર B. સંગીત C. શિલ્પ
3. 'પ્રતીક' શબ્દનો અંગ્રેજી પર્યાય કયો છે?
   A. Symbol B. Image C. Myth
4. 'શોક' સ્થાયી ભાવમાંથી કયો રસ પરિણામે છે?
   A. શૃંગાર B. હાસ્ય C. કરુણ
5. 'વક્રિકિતજીવિતમ્' સાથે કોનું નામ જોડાયેલું છે?
   A. આચાર્યભરત B. કુન્તક C. આનંદવર્ધન
6. આનંદ વર્ધને કયા ગ્રંથમાં ધ્વનિ સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો?
   A. 'નાટ્યશાસ્ત્ર' B. 'અલંકારશસ્ત્ર' C. 'ધ્વન્યાલોક
7. 'પોએટિક્સ' નામના ગ્રંથમાં કોની વ્યાખ્યાનનોંધો પ્રાપ્ત થાય છે?
   A. એરિસ્ટોટલ B. સોક્રેટિસ C. ટી. એસ. એલિઅટ
8. 'વિવેચન' માટે અંગ્રેજીમાં કઈ સંજ્ઞા પ્રયોજાય છે?
   A. રોમેન્ટીસિઝન B. ક્રિટિસિઝમ C. સિમ્બોલિઝમ
9. ગીતનો કેન્દ્રભાવ જેમાં ઝિલાઓ હોય તેવી પંકિતને શું કહે છે?
   A. ધ્રુવપંકિત B. અંતરો C. શેર
10. 'હાઈકુ' મૂળ કયા દેશનો કાવ્ય પ્રકાર છે?
    A. જાપાન B. ઈટાલી C. ચીન

---